






સુધારા મંજુર, 'લોકપાલ' માત્ર ચાડિયો હશે!
ને સરકારી જાગીરનો એ માત્ર દાડિયો હશે!
પાળિયો હશે અણ્ણાના નિરર્થક આંદોલનનો-
થશે કંગાળ કાયદો, ને નેતાઓ તાળીઓ લેશે!
('લોકપાલ' સરકારી નજરકેદમાં)




ફસ્યું 'કમલ'
રાજકીય કીચડે-
'વિશ્વરૂપમ'
(મતબેન્કનું રાજકારણ)

કરે મદદ!
કમલ હસન ને-
જય-લલિતા..
(NRI થવામાં ?!)

## ચિંતન

**વિપદિ ધૈર્યમથાભ્યુદયે ક્ષમા, સદસિ વાકપટુતા યુધ્ધિ વિક્રમઃ ।**
**યશસિ ચાભરુચિર્વ્યસનં શ્રુતૌ, પ્રકૃતિ સિદ્ધમિદં હિ મહાત્મતામ્ ॥**

'આપત્તિ-મુશ્કેલીના કાળમાં ધીરજ રાખવી-સુખ-સમૃદ્ધિના કાળમાં કે આબાદી-સત્તાના સમયે ક્ષમા આપતાં શીખવું જોઈએ-સભામાં-સમૂહમાં વાણીની ચતુરાઈ રાખવી અને શાસ્ત્રજ્ઞાન ગમે ત્યાંથી પ્રાપ્ત કરવાની વૃત્તિ-ટેવ રાખવી, યુદ્ધમાં શૌર્ય-હિંમત બતાવવી-સત્કાર્યો અને સમાજસેવા દ્વારા કીર્તિ મેળવવામાં અભિરૂચિ રાખવી-આ બધી બાબતો મોટા હૃદયના-ઉદાર માણસોને સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થયેલી હોય છે.'

કેટલાક લોકો નાની-અમથી મુશ્કેલીમાં મુંઝાઈ બેબાકળા અને અસ્વસ્થ થઈ માનસિક સમતુલા ગુમાવી બેસે છે. વિદ્વાન-ચતુર પુરૂષ આવા સંકટના સમયે ધીર-ગંભીર રહી સ્થિરતા જાળવે છે.

જયારે માણસ સત્તા અને સમૃધ્ધિના આસને હોય ત્યારે ઘણીવાર મર્યાદા ચૂકી-અભિમાન, મદમાં બેફામ બની, વિનય-વિવેક ચૂકી જાય છે. વિવેકી માણસ મર્યાદામાં રહી ધૈર્ય સાથે ક્ષમાવાન પણ હોય છે.

વિદ્વતા-જાણકારીનો યોગ્ય સમય-યોગ્ય જગ્યાએ ઉપયોગ કરી લેવો જોઈએ-યુદ્ધમાં હિંમત બતાવવી, સમાજસેવામાં રત રહેવું.

આ બધી બાબતો વિદ્વાન-સજ્જન માણસોને સહજ પ્રાપ્ય હોય છે.

## સુવિચાર

- દાન અસંખ્ય પાપોને ઢાંકી દેવાનું સાધન છે **- પીટર**
- જો તમે દાન કોને કરું, કયારે કરું, કેમ કરું એવી વિચારણામાં પડશો તો દાન કયારેય નહીં કરી શકો **- સેમ્યુઅલ જોન્સન**
- દાન એ ધર્મનું આભૂષણ છે **- એડીસન**
- જે દાન, પોતાની પ્રતિષ્ઠા અને કીર્તિગાથા માટે કરવામાં આવે છે તે દાન નથી પણ માત્ર પોતાના અહંકાર-આડંબરનું પ્રદર્શન છે **- હફન**
- લાલસા સંપત્તિનો સંચય કરાવે છે, સંગ્રહીત સંપત્તિ માનવીને લોભી બનાવે છે માટે દાની બનો **- ટી બ્રાઉન**
- જગતમાં પરાક્રમી-વીર પુરૂષો તો અનેક હોય છે પણ દાનેશ્વરી ઓછા હોય છે **- બેકન**
- દાન એ સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણ છે **- બાઈબલ**

## બોધ કથા

પૈસા ધનનો એક વખત મનમાં લોભ પેસી જાય પછી એ વ્યકિત ધન પાછળ 'ગાંડો' થઈ જાય-લાખો-કરોડો-અબજો મળે પછી પણ 'લાવ'-'લાવ'ની લવરી ચાલુ જ રહે છે. ખાયકી કરતા આપણા પ્રધાનશ્રીઓ ના દાખલા નજર સમક્ષ છે જ. આવા શ્રીમંત બીજી રીતે જોઈએ તો 'ભિખારી' જ છે. માન-અપમાનના ભોગે જેલ જવાની તૈયારી સાથે પણ 'પૈસા'નો પીછો છોડતા નથી.

ગ્રેહામ ગ્રીન નામના એક નવલકથાકારે એક અદભૂત નવલકથા લખી છે 'દ બૉંબ પાર્ટી' આ નવલકથાનો નાયક ગર્ભ શ્રીમંત હતો-સંતોષી હતો-પૈસા સાથે તેનો દૂરનો સંબંધ હતો તેથી જ એ ભિખારી જેવા ધનિકોને ધિક્કારતો હતો.

એને માટે એ શ્રીમંતોની પાર્ટી રાખતો-પણ અપમાનો કરી ખાવાનું આપતો અને દરેકને વિદાય વખતે ભેટ પણ આપતો-આને કારણે શ્રીમંતો અપમાન કરાવીને પણ પાર્ટીમાં આવતા અને મોંઘી ભેટ લઈ જતા!

એક વખત એણે એ જ શ્રીમંતોને પાર્ટીનું આમંત્રણ મોકલ્યું અને લખ્યું પાર્ટી પછી દરેકને મોંઘી ભેટ તો મળશે પણ સાથે એક જીવિત બૉંબ પણ ફરજીયાત સ્વીકારવો પડશે-

એને એમ કે આ વાંચીને પાર્ટીમાં કોઈ શ્રીમંત આવશે નહીં પણ, ભિક્ષુકો જેનું નામ, 'બૉંબ'ની પરવા કર્યા વિના પણ પાર્ટીમાં એટલા જ - એ લોકો આવ્યા.

શ્રીમંત જેવા ભિખારી કોઈ નથી મૃત્યુની પણ પરવા કર્યા વિના પૈસા પાછળ દોડે છે.

# ઘર આંગણે અનેક પ્રશ્નો ઉભા છે તેના ઉકેલ માટે ધીમી ગતિના પ્રયત્નોથી સમાજમાં જાગૃતિ જ ફેલાય, નાની નાની ઘણી એવી બાબતો છે જેમાં થોડીક જાગૃકતા મોટો લાભ કરી આપે

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**

''કૈલેષ્યં મા સમ ગમઃ પાર્થ નૈતાત્વય્યુપપદ્યતે
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યકત્વોતિષ્ઠ પરન્તય''

હે પાર્થ, તું નપુંસકતાને વશ ન થા, તને આ કંઈ શોભતું નથી. હૃદયની તુચ્છ દુર્બળતાને ત્યજી દઈ યુદ્ધ માટે તૈયાર થઈ જા.

ભગવદ્ ગીતા અ-૨/૨

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનની મૂર્છિત ચેતનાને જાગૃત કરવા અને તેને કર્તવ્ય પ્રતિ પ્રેરવા આ સખત ટોણો માર્યો છે. અને ત્યાર પછી જ તેને યુધ્ધ માટે તૈયાર થઈ જવા સૂચવ્યું છે. પરંતુ આ ઠપકો માત્ર અર્જુન પુરતો સિમિત નથી પણ છેલ્લા ઘણા સમયથી ચેતનાને સાવ ગુમાવી બેઠેલી આપણી મુર્છિત નેતાગીરી માટે પણ તેટલો જ સાચો છે. દરેક યુગમાં સમાજના વિવિધ ક્ષેત્રો પર સતત સંઘર્ષ ચાલતા હોય છે તેવા સમયે ચેતના ગુમાવી નિર્માલ્યતાથી હાથ જોડી બેસી રહેવાથી કોઈ પણ કાર્ય સિધ્ધિ ન જ સાંપડે. નિર્માલ્યતા કાયમ માટે પતન જ નોંતરે. ભર્તુહરિએ જણાવ્યું કે, 'વિવેક ભૂષ્ટાના ભવતિ વિનિયાતો શતમુખઃ'.

વ્યવહાર જગતનો વ્યવહાર ભલે ગમે તેમ ચાલતો હોય, પણ વાસ્તવિકતા સાથેનો સંબંધ તો ન જ ભુલાવો જોઈએ. વાસ્તવિકતા સામે આંખો મિંચી માત્ર વાતો કરવામાં, ટીકાઓ કરવામાં કે નિવેદનો આપવામાં જ આપણી તમામ ઊર્જા ખર્ચાઈ ન જાય તે માટે સચિત રહેવું પડે નહિતર પ્રતિકાર કરવા માટેની ઊર્જા ન બચે. અને આ વાત જયારે સમજાય ત્યારે મોડું થઈ ગયું હોય પણ ગમે તે પગલાં ભરીએ તો પણ બૂંદસે ગઈ હોજસે નહિ આતી, જેવું થાય.

આપણી તાજેતરની રાજકીય પરિસ્થિતિ તરફ નજર કરતાં લાગે છે કે આપણી નબળાઈને કારણે જ જે સ્થિતિનું નિર્માણ થયું તેમાં હવે આપણે ફસાયા છીએ. જે બનાવો બનતા જાય છે તેમાં જાણ્યે-અજાણ્યે પણ આપણે જવાબદાર છીએ. ભૂતકાળમાં દર્શાવેલ નબળાઈ, પ્રમાદ તથા બેદરકારી તથા અપાર સહિષ્ણુતાનો ગેરલાભ પાડોશી રાષ્ટ્ર વારંવાર ઉઠાવે છે અને આપણે તો વારંવાર માફ કરતા જઈએ છીએ. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્, પણ કાયરનું નહિ' તેમ ગાંધીજીએ કહ્યું છે. લોકો આપણને કાયર માન્યા કરે તેટલી હદે ક્ષમા આપવી તે રાષ્ટ્રના હિતમાં નથી. ભાગવતકથાકાર શ્રી રમેશભાઈ ઓઝાએ એક કથામાં ખાસ કહેલું, 'ભગવાન આ રાષ્ટ્રને સહજ અસહિષ્ણુ બનાવે.'

ગમે તેમ પણ આપણા શાસકોને આભાસી શાંતિ તથા સ્થિરતાનો મોહ છે. જીતવું છે તેવી મનોદશા કરતાં જીવતા રહેવું છે તેવી ભાવના પ્રબળ બની છે. આવી ભાવના કોઈ પણ પ્રશ્ન પર સ્પષ્ટ નિર્ણય ન થવાથી જ થાય છે. દીર્ઘસૂત્રતા જાણે એક કાયમી ઉકેલ છે તેમ મનાવા લાગ્યું છે. ભાગવત-ગીતાજીમાં દીર્ઘસૂત્રી કર્તાને તામસ કહ્યો છે. ચાણકય પણ કોઈ પ્રશ્ન અધૂરો ન છોડવાની સલાહ નીતિ-શાસ્ત્રમાં આપે છે. ત્વરિત નિર્ણય ન લેવાય તેવી સંભાવના કદાચ લોકશાહીનું એક પાસુ હોય, પરંતુ તેના ઈલાજો પણ સાથે આપેલા હોય. રાષ્ટ્રીય સરહદ ભંગ, નાગરિકોના અપહરણો, વારંવારના ઉશ્કેરણીજનક અડપલાં... જેવી અગત્યની બાબતોમાં રાષ્ટ્રપતિ પોતાની સત્તાનો ઉપયોગ કરી જનતાનો રોષ શાંત કરી શકે. અડપલા કરનારને ચેતવણી આપી શકે. પણ આપણે ત્યાં તો જેને પગલાં ભરવાની સત્તા છે તેવા ગૃહ પ્રધાન પ્રજાને 'હાકલ' કરે છે... પણ પોતે તો શાંત જ રહે છે તો પછી આ નબળાઈ માટે શું કહેવું?

આ શ્લોકના ચારે ચરણો વિવિધ સંદેશો આપે છે. પ્રથમ સંદેશો જોયા પછી બીજા ચરણની વાત કરીએ બીજું ચરણ છે. 'નૈતત્વાપય પદ્યતે' 'આ તને ન શોભે' આજે આપણા સમાજમાં પોતાને મહાનુભાવ માનનાર અને તદ્દન નિમ્નસ્તરનું વર્તન કરનાર માટે આ શબ્દો વાપરવા જોઈએ કે ભાઈ આ તમને ન શોભે. પણ આવું કહેનાર કોઈ પ્રબળ પુરુષ નથી દેખાતો. અણછાજતું વર્તન કરનારા ભ્રષ્ટ ધંધા કરનારા, ભ્રષ્ટાચારી અને બધાં કૌભાંડ કરનારા આ સૌને માટે નો આ ઈશારો છે પરંતુ કોણ કોને કહે? અહીં તો, આવ ભાઈ હરખા તો કહે, આપણે બેઉ સરખા. કૌભાંડોમાં પણ સરખા થવાની કે પછી સરસાઈ મેળવવાની હોડ જામી છે. એક લોકકથા છે. 'એક ભાઈનું લગ્ન ભાંગી પડેલું... તે પોતે કુંવારા છે તેવી વાત કરી નવું લગ્ન કરી લીધું. થોડા સમય પછી તેને થયું પત્નીને સાચી વાત તો કરવી જોઈએ એટલે કહે મને માફ કરજે, મેં તને છેતરી છે. આ મારું બીજું લગ્ન છે.' તો પત્ની કહે, 'તેમાં માફ શું કરવાનું, તમારું તો બીજું છે પણ મારું તો ત્રીજું છે.'

મહાત્માજી, સરદાર કે જયપ્રકાશ જેવા નીડર સત્ય વકતા નેતા હોય તો જ સ્પષ્ટ કહેવાય. પરંતુ રાજકીય ક્ષેત્રે તો આવો કોઈ નેતા નજરે ચઢતા નથી અને માનો કે કોઈ કહેનારા નીકળે તો સાંભળનારા કયાં શરમાય છે! કદાચ થોડા સમય પછી કૌભાંડ કરવું. જેલ જવું એ આબરૂ ને પ્રતિભા વધારનારું પણ બને તેવો ડર લાગે છે.

શ્લોકનું ત્રીજું ચરણ વધારે સ્પષ્ટ છે. હૃદયની તુચ્છ દુર્બળતાને ત્યજી દેવાનું તેમાં જણાવાયું છે. આ એક પડકાર છે. ઘણાં એવાં કામો છે જે કરવા જેવા છે પણ તેમાં મનની નબળાઈ આડે આવે છે. મનને મજૂબત કરી સમાજમાં વ્યાપક દુર્દશા તરફ નજર નાખીએ તો અવશ્ય જીવ બળે. સામુહિક બળાત્કારો, બાળકોના અપહરણો, ગુંડાગીરીને છેડતીના બનાવો શા કારણે વધતા જાય છે. હૃદયની દુર્બળતા ત્યાગીને તેવા બનાવોને પડકારવાની વૃત્તિ ઘટી સમાજમાં કામનાગ્રસ્ત રખડું મન તથા વિકૃત થતી બુધ્ધિએ ભારે અનર્થો સર્જયા છે. એક સદી પહેલાં સમાજ સુધારા માટે નર્મદે લડત છેડેલી. આજ તો આપણો સમાજ સદી પહેલાંના અવાજ કરતા વધારે પછાત થતો જાય છે. વહેમો તથા ચમત્કારોમાં શ્રધ્ધા વધતી જાય છે. જાત ભાતના સાધુબાવા-ફકીર જનતાને સુખી બનાવવા નીકળી પડયા છે તે જનતા આંખો મિંચી પાછળ દોડે છે. ફિલ્મો-ટીવીની અસરોએ આપણા પરંપરાગત સંસ્કારો ધોઈ નાંખ્યા છે. સુધરેલા સમાજમાં આવું તો ચાલ્યા જ કરે તેવું માનનાર અને આચરનારો વર્ગ વધતો જાય છે ત્યારે એક જાગૃત નાગરિક થવાની ખાસ જરુર છે. ભ્રષ્ટાચારને નાથવા કોઈ સરકાર કયારેય પગલાં નહિ લે તે હવે સમજાઈ તો ગયું છે પણ તેનો વિરોધ કરવા માટે શકિત નથી કેળવાઈ, સુખના સાધનો માટે અનૈતિક માર્ગે જનારાઓ પોતાનો અહંભાવ સંતોષવા જનતાને ખાડામાં ઉતારનારાઓ, ગોરખધંધા કરનારા આ સૌ સમાજના માટે ગુમડાં છે તેને માટે નસ્તર મુકવું જોઈએ. આ ગુમડુ પોતાના અથવા સ્નેહીના શરીરે હોય તો પણ નસ્તર મુકવા હૃદયની દુર્બળતા દૂર કરવી જ જોઈએ.

ચોથા ચરણમાં ભગવાન અર્જુનને કહે છે 'તુતિષ્ઠ' યુધ્ધ માટે તૈયાર થઈ જા. આપણા માટે પણ આ પડકાર છે. ઘર આંગણે અનેક પ્રશ્નો ઉભા છે તેના ઉકેલ માટે ધીમી ગતિના પ્રયત્નોથી સમાજમાં જાગૃતિ જ ફેલાય. નાની નાની ઘણી એવી બાબતો છે જેમાં થોડીક જાગૃકતા મોટો લાભ કરી આપે. જેમ કે બગાડનો પ્રશ્ન. આપણે ત્યાં સમયનો, અન્નનો, પાણીનો તથા પર્યાવરણનો જે બગાડ થાય છે તે અટકાવવા પણ યુધ્ધ ખેલવું પડે અને તે માટે તૈયાર રહેવું પડે. જેમકે લગ્ન-સત્કાર સમારંભોમાં રુચિ-ભોજનમાં અન્નનો ભારે બગાડ થાય છે. ત્યાં વારંવાર જોર કરી શકાય કે થાળી જૂઠી ન છોડશો. પાણી જોઈએ તેટલું પીવો પણ બે ઘુંટડા પી બાકીનું ઢોળવાનું બંધ કરો. ટોળ ટપ્પાને નકામી વાતોમાં, રઝળવામાં સમયના થતા બગાડને પણ અટકાવવા નવરા જણાતા આ સમૂહ માટે કાર્ય શોધી શકાય. આપણા શાસ્ત્રોએ ગૃહસ્થો માટે 'પંચયજ્ઞ' ભલામણ કરી છે. આ સામાજિક કામ નવો યજ્ઞ છે. આ યજ્ઞને પ્રજ્જવલિત રાખવા માટે જાગૃત રહેવું પડે. માત્ર તીર્થયાત્રા કે દાનથી સમાજ સેવા હવે નથી થતી. સમાજમાં કેટલાક 'એકટીવીસ્ટો'એ સમાજને જાગૃત કરવાનું કાર્ય ઉપાડયું તો છે પણ તેને દબાવી દેવા પ્રત્યાઘાતી બળો વધારે તૈયાર હોય છે. પરંતુ સત્યનો સાદ સદાય ભારે હોય છે તે દાબ્યો દબાતો નથી. કોઈ બલિદાન જો યોગ્ય કર્મ પ્રત્યે થયું હોય તો તે નિષ્ફળ જતું નથી. લડાઈનું મેદાન ખાલી ન પડે તે જોવાની આપણી નૈતિક ફરજ બને છે. દેવો પણ પ્રમાદીને મદદ નથી કરતા એ વેદ વાકય છે અને જે પોતાના કરતાં પારકા માટે ત્યાગ કરે છે તે સદા જીવંત રહે છે. જરૂર છે આળસ ખંખેરી ઉઠવાની માટે જ ભગવાનની હાકલ છે અતિષ્ઠ ભારતઃ

# સુપ્રિમ કોર્ટ અને સંસદ વચ્ચે અટવાતો ફાંસીની સજાનો કાયદો

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

પ્રજાની સ્વતંત્ર્યતા ઉપર તથા ન્યાયતંત્રની વિશ્વાસનીયતા ઉપર શંકા કરતી બંધારણના અનુચ્છેદ ૭૨માં આપેલા સંસદ તથા રાષ્ટ્રપતિને આપેલ વિશેષ અધિકારથી આ કાયદો આપણા પ્રજાસત્તાકની ખામી બની ગયો આજ સમય બંધારણના વિશેષધિકારમાં સુધારો કરવાનો યોગ્ય જણાય છે. કાયદાકીય પ્રક્રિયા ન્યાયીક પ્રક્રિયા ઉપર રાજકારણ હાવી થવાના, વર્ચસ્વ ભોગવવાનો ક્રુર માનસિકતાની ઉપજ એટલે ફાંસીની સજા માફ કરવાની, વધારવાની ઘટાડવાની અથવા કોર્ટ માર્શલની સજા કરવાના અધિકારનો રાષ્ટ્રપતિનો વિશેષાધિકાર, અંગ્રેજોએ પોતાના સ્વાર્થમાંથી ઉપજાવેલ કાયદો. જેથી પોતે જ પોતાને સજા જયારે પોતે ફસાય તો માફ કરાવી શકે. પરંતુ સાપ ગયા અને લીસોટા રહ્યા તે મુજબ અંગ્રેજો ચાલ્યા ગયા પણ ગુલામ માનસ ના બદલી શકાયું અને રાજકારણીઓએ પોતાનો એકાવિકાર સ્થાપવા વર્ચસ્વ રાખવા પ્રજાની સ્વતંત્ર્યતા ઉપર તરાપ મારતો બંધારણમાં ૪૨મો સુધારો કરી સુપ્રિમ કોર્ટના ૧૯૭૬ના 'જજોની બનેલ બેંચના પ્રજાના મુળભૂત અધિકારોને રદ કરી શકે નહીં અથવા ફેરફાર કરી શકે નહીં અથવા તેમાં ફેરફાર કરી શકે નહીં તે રદ કરી પ્રજાના મુળભૂત અધિકારો તથા ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉપર તરાપ મારવાનો ખરડો પસાર કરી સુપ્રિમ કોર્ટના ચુકાદાને નકામો બનાવી દેવાના હિન પ્રયાસ રૂપે 'ફાંસીના ચુકાદાને જ સંસદ દ્વારા ફાંસી આપી દેવાઈ.' સંસદ મૂળભૂત અધિકારોમાં સુધારા વધારા કરી શકે છે પરંતુ બંધારણના મૂળભૂત ઢાંચાને બદલી શકતી નથી.

ભારતનું બંધારણ ૬૩ વર્ષ પુરું કરી ૬૪માં વર્ષમાં પ્રવેશ કરી ચુકયું છે તેમ છતાં અંગ્રેજોના કાળા કાયદાનું આંધળુ અનુકરણ અટકયું નથી ભારતના બંધારણમાં આજદીન સુધીમાં ૯૭ સુધારા વધારા કરવામાં આવ્યા છે. બાબા સાહેબ આંબેડકરે ઘડેલા બંધારણને બાબા સાહેબ પોતે પણ ઓળખી શકે નહીં તે હદે રાજકીય સ્વાર્થ ખાતર આંધળુ અનુકરણ કરી વ્યકિત સ્વાતંત્ર્યતાની વ્યાખ્યા જ બદલી નાખે છે. લોકો માટે લોકો દ્વારા ચાલતા સ્વરાજયની પરિભાષામાં 'સ્વ'નો ઉમેરો કયારે રાજકારણીઓએ કરી નાંખ્યો તે ભોળી પ્રજા કયારેય સમજી શકી નહીં.

દેશનું સર્વોચ્ચ ન્યાયાલય ખરેખર વાસ્તવિકતામાં સર્વોચ્ચ છે? રાષ્ટ્રપતિના શપથ સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ લેવડાવે છે પરંતુ તેમના ચુકાદાને રાષ્ટ્રપતિ ફેરવી શકે છે, રદ કરી શકે છે તેજ રાષ્ટ્રપતિને બંધારણને લગતી સલાહ લેવી હોય તો સર્વોચ્ચ અદાલત પાસેથી લઈ શકે છે, આ નરવી વાસ્તવિકતા છે. પરંતુ ધારાસભા કે ગૃહના અધિકારોમાં સુપ્રિમ કોર્ટ દખલ ન કરી શકે આવા બેવડા નિયમો છે.

માનવીય અધિકારનો ઉપયોગ કરવા માટે કેટલીક ગાઈડલાઈન છે. જેમ કે ગુનાનું કારણ, જઘન્યતા, સજા મળ્યા પછી આરોપીનો પસ્તાવો, આરોપીની ઉંમર પારિવારિક સ્થિતિ, આ તમામ પાસાઓ ઉપરાંત આ અધિકારનો ઉપયોગ રાષ્ટ્રપતિ એ પોતાની દૃષ્ટિકોણથી કરવો જોઈએ. એના માટે રાષ્ટ્રપતિએ પોતે જ આ નકામી સત્તાનો ત્યાગ કરવો જોઈએ. સમયની નજાકતા, માંગ જોઈ શ્રી પ્રણવ મુખરજી એ જ પહેલ કરવી જોઈએ.

ભારતના બંધારણના ત્રીજા પ્રકરણમાં દેશના નાગરિકોને કેટલાક મુળભૂત અધિકારો આપવામાં આવ્યા છે તેમાં સ્વતંત્ર્તા, સમાનતા, અભિવ્યકિત સ્વાતંત્ર્ય, સંપત્તિ ધરાવાનો અધિકાર, વ્યવસાય કરવાનો અધિકાર, ધાર્મિક સ્વતંત્ર્યતા આ બધા અધિકારો ઉપર તરાપ મારવાનો પ્રયાસ જે દિવસથી બંધારણ અમલમાં આવ્યું તે જ દિવસથી કરવામાં આવ્યું. ઈન્દિરા ગાંધીનો કટોકટીનો કાળ આનું જીવંત ઉદાહરણ છે. કવોટા સિસ્ટમ એ પણ સમાનતાના મૂળભૂત અધિકારોના ભંગ સમાન છે. પરંતુ વોટ બેંક માટે રાજકારણીઓ ગમે તે અધિકારોનું ગમે ત્યારે વસ્ત્રાહરણ કરી શકે છે. સંસદમાં બહુમતીના જોરે ગમે તે કાયદામાં ગમે ત્યારે, ગમે તેટલી વખત સુધારા કરવા રાજકારણી પોતાના અંગત સ્વાર્થ માટે લાવી શકે છે. જે નિતીમત્તાનો પ્રશ્ન છે.

દેશ દાઝ સ્વતંત્ર્યતા એ માત્ર ૧૫મી ઓગષ્ટે અને ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન કરવા પુરતી જ મર્યાદિત રહી છે. સંસદ, કાયદા, કોર્ટો અને બંધારણીય સુધારાની કરામત દ્વારા વ્યકિત સ્વતંત્ર્યતા, સમાનતા, ઉપર અનેક વખત પ્રહારો કરવામાં આવ્યા. ભારતને ખરેખર ખરા અર્થમાં સ્વતંત્રતા, પ્રજાસત્તાક બનવું હોય તો એક નવા જ બંધારણની રચના કરવી જોઈએ જે સમયની માંગ છે.

૧૯૫૦માં ભારત અને પાકિસ્તાનને સ્વતંત્ર્ય રાષ્ટ્રો તરીકે જાહેર કરવાની જગ્યાએ ઈંગ્લેન્ડના ખંડિયા રાષ્ટ્રો (ડોમીનેશન નેશન્સ) તરીકે જાહેર કરવામાં આવ્યા હતા તે ઘણા ઓછા લોકોની જાણમાં હશે. ભારતનું જે બંધારણ ઘડેલ તેમાં ૬૩ વર્ષમાં ૪૫ સુધારા વધારા કરી રાજકારણીઓએ પોતાની જ સત્તા વધારવામાં તેમાં મનઘડત ફેરફારો કર્યા અને પ્રજાના માથે ઠોકી બેસાડયા જેને ભારતની નમાલી સહિષ્ણુતાવાળી દિશાહિન અને જનજાગૃતિના અભાવથી મારે શું? અને મારું શું? ના સ્વાર્થમાં અટવાતી પ્રજાએ કયારેય જાહેરમાં વિરોધ સુધ્ધા કરેલ નથી. 'દામિની કાંડ' જેવા બનાવોથી થોડા સમય સુધી ચર્ચાઓ થાય વિરોધ પ્રદર્શનો થાય જે માત્ર રાજકારણથી પ્રેરીત હોય સમય જતા સૌ પોત પોતાના કામે લાગી જાય અને ખરડો, કાયદો બનતા અટકી જાય.

ફાંસીની સજા સુપ્રિમ કોર્ટ જ નક્કી કરે પડેલ, પુરાવાનો તલસ્પર્શી અભ્યાસ કરી ન્યાયમૂર્તિ ચુકાદો જાહેર કરી પીડીતાને ન્યાય અપાવે તેમાં સંસદ કે રાષ્ટ્રપતિ વચમાં આવે જ કયાંથી? આવી સરળ વાત સૌ સ્વીકારશે તો આમ જનતાને ખરા અર્થમાં ન્યાય મળ્યો ગણાશે.

# સત્સંગ વાલીયાને વાલ્મીકી બનાવી શકે છે તો કુસંગ કૃષ્ણને કંસ પણ બનાવી શકે છે, પસંદગી આપણા પર નિર્ભર છે

## કૃષ્ણ બન્યો કંસ

**- લક્ષ્મી વાધવાણી**

શિર્ષક વાંચી ચોંકી ગયા ને? પણ આ શ્રી કૃષ્ણ ભગવાનની વાત નથી. આ બહુ જુના સમયની વાત છે. એક શેઠે એક મોટું મંદિર બનાવ્યું. તે શ્રી કૃષ્ણના પરમ ભકત હતા તેણે વિચાર્યું આ મંદિરમાં શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિ રાખીએ પણ બાલ કૃષ્ણની મૂર્તિ રાખવી તેવું વિચાર્યું અને એક નવયુવક મૂર્તિકારની નિમણૂંક કરી. મૂર્તિકારે શેઠ સાથે મુલાકાત ગોઠવી અને કહ્યું હું બાલ કૃષ્ણની મૂર્તિ તો બનાવી દઈશ પણ મારે એક ખૂબ રૂપાળા, સુંદર, તદ્દન નિર્દોષ ચહેરો હોય એવા દોઢ-બે વર્ષના બાળકની જરૂર પડશે જેને જોઈને હું આબેહૂબ એવી મૂર્તિ બનાવીશ. એવા બાળકની તપાસ શરૂ થઈ અને તપાસ બહુ ઝડપથી પૂર્ણ થઈ ગઈ.

સરસ, સુંદર બાળકને પાસે રાખીને મૂર્તિકારે આબેહુબ તે બાળક જેવી જ મૂર્તિ તૈયાર કરી દીધી. લોકો દરરોજ શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિના દર્શનાર્થે આવતા અને મૂર્તિકારના વખાણ કરતાં. ધીમે ધીમે સમય પસાર થતો ગયો અને અવારનવાર મૂર્તિના દર્શનાર્થે આવતા અને મૂર્તિકારના વખાણ કરતાં. ધીમે ધીમે સમય પસાર થતો ગયો અને અવારનવાર મંદિરનું પુનઃનિર્માણ થયું ત્યાં લગભગ ૨૦ વર્ષ બાદ શેઠને પુનઃ એક વિચાર આવ્યો બધાને ભેગા કરી વિચાર-વિમર્શ શરૂ કર્યો અને છેવટે નક્કી થયું કે મંદિરમાં દ્વાપર યુગનું વાતાવરણ ઉભું કરવું. આ વાતાવરણ માટે દ્વાપર યુગનો પ્રસંગ રજુ કરવાનો હતો. પ્રસંગમાં કંસની મૂર્તિની જરૂરિયાત ઉપસ્થિત થાય તેમ હતું. હવે કંસની મૂર્તિ બનાવવા ફરીથી એ જ મૂર્તિકારને બોલાવવામાં આવ્યા કે જેણે શ્રી કૃષ્ણ ભગવાની મૂર્તિ બનાવેલ હતી. તે મૂર્તિ બનાવવા રાજી થઈ ગયા પણ હવે જરુરિયાત ઉપસ્થિત થઈ કંસ જેવું વ્યકિતત્વ ધરાવતી વ્યકિતની.

કંસ જેવું વ્યકિતત્વ ધરાવતી વ્યકિતની શોધખોળ શરૂ થઈ ગઈ. આખરે એક ખુંખાર, ભયાનક, ડરામણો ચહેરો ધરાવતી વ્યકિતની ભાળ મળી ગઈ. આનાકાની બાદ પ્રખ્યાત થવાના ઈરાદે એ ભાઈ માની ગયા. મૂર્તિકાર સાથે મુલાકાતમાં તેણે પૂછયું આ સિવાય તમે કેટલી મૂર્તિઓ બનાવી છે? મૂર્તિકારે ઘણી મૂર્તિઓ બતાડી પણ કહ્યું કે સૌથી સારી અને મારી પ્રિય મૂર્તિ બતાડું, એ તેને લઈ ગયો મંદિરમાં અને શ્રી કૃષ્ણ ભગવાનની બાળપણની મૂર્તિ બતાડી, એ ભાઈ એકીટસે એ મૂર્તિ જોવા લાગ્યો. તેને તરત યાદ આવ્યું આ તો મારા જ બાળપણની જ મૂર્તિ છે અને મને મારી મા એ પણ નાનપણમાં કહ્યું હતું કે તું તો મારો કાનો છે, તને તો મંદિરમાં ય બેસાડયો છે ત્યારે હું મૂરખ કંઈ સમજી ના શકયો અને બૂરી સંગતે ચડી ગયો, ઘરબાર છોડી દીધું, આમ એ ભૂતકાળમાં જતો રહ્યો.

એ બાલપણમાં કેટલો સરસ, સુંદર અને સંસ્કારી હતો પણ કુસંગતે તેનો કેવો હાલ કર્યો કે એક સમયનો કૃષ્ણ કંસ બની ગયો. પૂજવા યોગ્ય કૃષ્ણ આજે નફરતને કાબિલ એવા કંસ બની ગયા. એની આંખમાંથી ચોધાર આંસુ ટપકવા લાગ્યા. એને ખૂબ પસ્તાવો થયો, મંદિર જેવા પવિત્ર સ્થાનનો પ્રતાપ ગણો કે જે હોય તે તેણે નિશ્ચિય કરી લીધો કે હવેથી તે પહેલા જેવી જિંદગી જીવશે, પણ પોતાની કંસની મૂર્તિ બનાવડાવા તે રાજી થયો એટલા માટે કે તે પોતે એ ખરાબ સમય પણ ભૂલવા માંગતો નહોતો અને હંમેશને માટે સુધરવા માંગતો હતો આમ શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિની સાથો સાથે કંસની મૂર્તિ તૈયાર થઈ ગઈ અને દ્વાપરયુગનો આખો પ્રસંગ તૈયાર થઈ ગયો.


પણ આ પ્રસંગ કેટલું સમજાવી જાય છે સત્સંગ વાલીયાને વાલ્મીકી બનાવી શકે છે તો કુસંગ કૃષ્ણને કંસ પણ બનાવી શકે છે. પસંદગી આપણા પર નિર્ભર છે.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**



- બાળલગ્નો, પરદાપ્રથા, દહેજ, નિરક્ષરતા જેવા સામાજિક અનિષ્ટો સામે ઝુંબેશ ચલાવનારા-નારી જગતના અગ્રણી રાજકુમારી અમૃત કૌરનો જન્મદિન ૩-૨-૧૮૮૪ તેમનો જન્મ લખનૌમાં થયો હતો.
- ૧૯૪૮-૪૩૨ વર્ષની ગુલામી બાદ શ્રીલંકાએ ઈંગ્લેડ પાસેથી આઝાદી મેળવી.




- ૧૮૫૫-ઈસ્ટ ઈન્ડિયા રેલવે શરૂ થઈ-૧૯૨૮-સાયમન કમિશન સામે દેશવ્યાપી હડતાળ.
- ૧૯૨૬-બ્રિટિશ ઈતિહાસકાર વોલ્ટર બેજૂહોટનો જન્મ
- ૧૯૫૨- મશીન ટુલ્સ-યંત્ર ઉદ્યોગના પિતા ડેવીડ વિલ્કીન્સનું અવસાન
- ૧૮૮૫ - પેટલાદમાં પ્રથમ સાર્વજનિક પુસ્તકાલયનું ઉદઘાટન.